# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-05-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## દેશમાં મોકડ્રીલ

કેન્દ્ર સરકારે દેશના 244 જિલ્લાઓમાં મોક ડ્રીલ કરવાનું કહ્યું છે. આમાં, નાગરિકોને હુમલા દરમિયાન પોતાને બચાવવા માટે તાલીમ આપવામાં આવશે. યુદ્ધની સ્થિતિમાં લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ કરવામાં આવી રહ્યું છે. કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન આ સંદર્ભમાં રાજ્યોના મુખ્ય સચિવો સાથે વીડિયો કોન્ફરન્સીંગ દ્વારા બેઠક કરશે.

દેશમાં છેલ્લી વખત આવી મોકડ્રીલ 1971માં યોજાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે 22 એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં એક મોટો આતંકવાદી હુમલો થયો હતો, જેમાં 26 લોકોનાં મોત થયા હતા. આ પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે. સરકાર કોઈપણ સંભવિત જોખમ પહેલાં તૈયારી કરવા માંગે છે..

**------------------------------------------------------------------------------------------**

## વરસાદ- રાજ્ય જિલ્લો

**સાયક્લોનિક સર્કયુલેશનની અસર તળે હવામાન વિભાગની આગાહી મુજબ ગઇકાલે સાંજે રાજ્યના અનેક વિસ્તારો સાથે કચ્છમાં પણ ભારે પવન અને ગાજવીજ અને કરા સાથે વરસાદ પડતા વૈશાખ મહિનામાં અષાઢ જેવો માહોલ સર્જાયો હતો. ગુજરાતમાં ગઇકાલે સાંજે સાત વાગ્યા પછી હવામાન વિભાગે રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં રેડ, ઓરેન્જ અને યેલો એલર્ટ જાહેર કર્યું હતું.**

**ગઇકાલે સાંજ પછી અમદાવાદમાં અચાનક 40 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવા સાથે ધૂળની ડમરી ઉડી હતી. તોફાની પવનને કારણે તોતીંગ હોર્ડિંગ્સ કે ઝાડ પડ્યાના બનાવો બન્યા છે એ સાથે રાત્રે 11 વાગ્યા પછી ભારે વરસાદ તૂટી પડ્યો હતો.**

**જિલ્લામથક ભુજમાં રાત્રે 10 વાગ્યા પછી વાતાવરણમાં પલટો આવ્યો હતો. હળવુ વરસાદી ઝાપટું પડ્યુ હતું. જિલ્લામા અંજાર, ગાંધીધામ, રાપર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે પવન સાથે વરસાદના અહેવાલ છે. તો ક્યાંક કરા સાથે કમોસમી વરસાદ પડ્યો હતો.**

**------------------------------------------------------------------------------------------**

## રેલ વ્યવહારને અસર

**પશ્ચિમ વિક્ષોભની અસર તળે ગુજરાતમાં ભારે પવન સાથે પડેલ વરસાદને કારણે અમદાવાદ-વડોદરા વિભાગમાં ઝાડ પડતા કેબલ તૂટી પડવાને કારણે અદાવાદ મુબઇ વચ્ચેનો વ્યવહાર ખોરવાયો હતો. જેના કારણે મુંબઇથી ગુજરાત તરફ આવતી કચ્છ સહિતની ટ્રેનો અટવાઇ હતી અને બેથી ચાર કલાક મોડી પડવાની સંભાવના રેલવેના સત્તાવાર સુત્રોએ જણાવી હતી. વડોદરા ડીવીઝનમાં ત્રણથી ચાર સ્થળે તૂટેલા કેબલનું સમારકામ કરવાની કામગીરી ચાલુ કરી રેલ વ્યવહાર ત્વરિત પૂર્વવત થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.** .

**------------------------------------------------------------------------------------------**

## રશિયા રાષ્ટ્રપ્રમુખ

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે ફોન પર કરેલી વાતચીતમાં પહલગામ આતંકવાદી હુમલાની ટીકા કરી. શ્રી પુતિને નિર્દોષ લોકોના મોત પર સંવેદના વ્યક્ત કરી અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને સંપૂર્ણ સમર્થન આપવાની વાત કહી.

પ્રધાનમંત્રીએ વિજય દિવસની 80મી વર્ષગાંઠ નિમિત્તે રાષ્ટ્રપ્રમુખ પુતિનને શુભેચ્છાઓ પાઠવી અને તેમને આ વર્ષના અંત સુધીમાં ભારતમાં યોજાનારા શિખર સંમેલન માટે આમંત્રણ આપ્યું.

-----------------------------------------------------------------------------------

## બોર્ડનું પરિણામ

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી 2025માં લેવાયેલ ધોરણ 12નું પરિણામ ગઇકાલે જાહેર કરાયું છે. કચ્છનું સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, સંસ્કૃત મધ્યાનુ 93.7 ટકા જાહેર થયું છે. જ્યારે વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનુ 83.51 ટકા પરિણામ જાહેર થયુ છે.**

-----------------------------------------------------------------------------------

## એનએફડીસીના એમડી મગદુમ

પ્રકાશ મગદુમે  રાષ્ટ્રીય ફિલ્મ વિકાસ નિગમ (**NFDC**) ના મેનેજિંગ ડિરેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે.શ્રી મગદુમ 1999 બેચના ભારતીય માહિતી અધિકારી સેવા અધિકારી છે. આ પહેલા, શ્રી મગદુમે અમદાવાદમાં પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો (**PIB**) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ કોમ્યુનિકેશન (**CBC**) ના અધિક મહાનિર્દેશક તરીકે સેવા આપી હતી.

-----------------------------------------------------------------------------------

## IPL

આઇ પી એલ ની 56 મી મેચમાં આજે ગુજરાત ટાઇટન્સનો મુકાબલો મુંબઈ ઇન્ડિયન્સ સાથે થશે. મુંબઈ ની ટીમ 11 માંથી 7 મેચ જીતી14 પોઇન્ટ સાથે ત્રીજા ક્રમે છે. જ્યારે ગુજરાત ની ટીમ 10 માંથી 7 મેચ જીતી,14 પોઇન્ટ સાથે ચોથા ક્રમે છે.  મુંબઈ ના વાનખેડે સ્ટેડિયમ પર ની મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

-----------------------------------------------------------------------------------

# અસ્થમા દિવસ

**વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા દર મે માસના પ્રથમ મંગળવારે વિશ્વ અસ્થમા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારતમાં અસ્થમાના સાડા ત્રણ કરોડ દર્દીઓ છે. કચ્છમાં ધૂળિયું વાતાવરણ શ્વસન રોગનું મુખ્ય કારણ જણાવતા તબીબોએ કહ્યું હતું કે સતર્કતા એ સ્વસ્થ જીવનશૈલી દ્વારા અસ્થમા નિયંત્રણમાં રહેશે.**

**---------------------------------------------------------------------------------**

# કચ્છ છાત્રા

વડોદરા ખાતે કેન્દ્રીય વિદ્યાલય-અમદાવાદ રિજનની વર્ષ - 2025ની રમતગમત સ્પર્ધામાં ભુજ-કેન્દ્રીય વિદ્યાલયમાં અભ્યાસ કરતી ઝરપરાની છાત્રા દેવલબેન રામભાઈ ગઢવીએ રાજ્યકક્ષાએ યોગમાં સિલ્વર ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. ધોરણ-છથી સ્પર્ધામાં ભાગ લઈ ગોલ્ડ અને સિલ્વર મેડળ મેળવ્યા છે. હાલે ધો. 10માં અભ્યાસ કરે છે અને સળંગ પાંચ વર્ષથી ગોલ્ડ-સિલ્વર મેડલ મેળવી રહી છે.

**---------------------------------------------------------------------------------**